માહિતી ન અપવા બદલ પાલનપુર નગરપાલિકાના બે ચીફ ઓફિસર દંડાયા

૧ માસમાં દંડ ન ભરે તો તેમના પગારમાંથી કાપી લઈ રિપોર્ટ કરવા કલેક્ટરને હૂકમ કરતા રાજ્યના માહિતી કમિશનર

પાલનપુર, તા. ૧૭

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ગેરકાયદેસર બાંધકામોની વણઝાર જામી છે. ત્યારે ગેરકાયદેસર બાંધકામને લઈને એક અરજદારે આરટીઆઈ હેઠળ માંગેલી માહિતી ન આપવા બદલ પાલનપુર પાલિકાના બબ્બે ચીફ ઓફિસર દંડાયા છે. રાજ્યના માહિતી કમિશનરે પાલિકાના તત્કાલીન અને વર્તમાન ચીફ ઓફિસરને રૂ. ૨૫૦૦-૨૫૦૦નો દંડ ફટકારતો હૂકમ કરતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરના આરટીઆઈ એક્ટિવિસ્ટ ધર્મેન્દ્ર પઢીયારે પાલનપુર નગરપાલિકાના રાજમાં ચાલતી ગેરરીતિઓને ઉજાગર કરવા માટે આરટીઆઈના શસ્ત્રનો ઉપયોગ કરી માહિતી માંગી હતી.જેમાં પાલનપુરની હરિઓમ સોસાયટીમાં રે.સ.નં. ૧૧૨ + ૧૧૩/૧૧, સી. સ.નં.૯૦૨૩+૯૦૨૪+૯૦૨૫+ ૯૦૨૬+૯૦૨૯+૯૦૩૦ વાળી જગ્યાના પ્લોટ નં. ૧ થી ૭ અને ૮૬ થી ૧૦૦ વાળા પ્લોટોમાંથી કયાં પ્લોટોમાં બાંધકામની મંજૂરી આપવામાં આવી છે? તથા શહેરમાં ટાઉન પ્લાનિંગના નિયમો મુજબ બાંધકામ થયું છે કે કેમ? તેના આધાર પુરાવા સહિતની ૬ મુદ્દાઓની માહિતી માંગવામાં આવી હતી.

જેના જવાબમાં પાલિકાના જાહેર માહિતી અધિકારીએ માહિતી 'શૂન્ય' હોવાનો ઉડાઉ જવાબ આપ્યો હતો. ત્યારે અરજદારે રાજ્યના માહિતી કમિશનરને અપીલ કરી હતી. જેની સુનાવણી દરમિયાન, પાલનપુર પાલિકાના જાહેર માહિતી અધિકારી એવા ચીફ ઓફિસર દ્વારા માહિતી આપવામાં દાખવાયેલી ઘોર ઉદાસીનતાને ગંભીરતાથી લઈને રાજ્યના માહિતી કમિશનર એચ.વી. પટેલ દ્વારા માહિતી આપવામાં બેદરકારી દાખવવા બદલ પાલનપુર નગર પાલિકાના તત્કાલીન ચીફ ઓફિસર એસ.કે. ગરવાલ અને વર્તમાન ચીફ ઓફિસર પંકજ બારોટને રૂ. ૨૫૦૦-૨૫૦૦નો દંડ ફટકાતો હૂકમ કરતા પાલિકા વર્તુળમાં ખળભળાટ મચી ગયો હતો.

કલેક્ટરને રિપોર્ટ કરવા હૂકમ

રાજ્યના માહિતી કમિશનરે પાલનપુર પાલિકાના કસૂરવાર બંને ચીફ ઓફિસરને હૂકમના એક માસમાં દંડની રકમ ભરી ચલણની નકલ માહિતી આયોગને મોકલી આપવાની તાકીદ કરી છે. જો નિયત સમય મર્યાદામાં કસુરવારો દ્વારા દંડની રકમ ભરવામાં ન આવે તો તેમના પગારમાંથી દંડની રકમ કપાત કરી ૩૧ માર્ચ સુધીમાં સરકારી તિજોરીમાં ભરી ૧૫ એપ્રિલ ૨૦૧૭ સુધીમાં માહિતી આયોગને રિપોર્ટ કરવા બનાસકાંઠા જિલ્લા કલેક્ટરને આદેશ કરાયો છે. આમ, રાજ્યના માહિતી આયોગના હૂકમથી આરટીઆઈ હેઠળ માંગવામાં આવતી માહિતીઓ પરત્વે આંખ આડા કાન કરતા સરકારી બાબુઓમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

શહીદ મુકેશભાઈ ડામોરના માતા શાંતાબેન અને પિતા અમરભાઈને વંદન કરતાં પ્રમુખશ્રી જીતુભાઈ વાઘાણી.

સાબરકાંઠા જિલ્લામાં આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું આગમન

હિંમતનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લા ભાજપ પ્રમુખ જે.ડી. પટેલે આજરોજ હિંમતનગર શહેરના પત્રકારોને જણાવેલ કે વનવાસી બંધુઓની વિકાસગાથા તેમજ તેમની અસ્મિતા ઉજાગર કરતી આદીવાસી વિકાસ ગૌરવ યાત્રા આવતીકાલે છેલ્લા તબક્કામાં સાબરકાંઠાથી અંબાજી પૂર્ણ થશે. ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આદીવાસી સમાજને અનેક યોજનાઓનો લાભ આપ્યો છે જેમાં PESA ACT નો સંવેદનશીલ નિર્ણય ગુજરાતના વનવાસીઓના વિકાસના ઈતિહાસમાં સુવર્ણપૃષ્ઠ તરીકે ઉમેરાયો છે. જેથી તેમના બજેટમાં પણ વધારો કર્યો છે. આ નિર્ણયથી ગૌણપેદાશોનો અધિકાર આપ્યો છે. જે હવે દરેક નિર્ણય પંચાયત કરી શકશે. આ વિચારને સાથે રાખી પ્રદેશ પ્રમુખ જીતુભાઈ વાઘાણીના પ્રેરક નેતૃત્વમાં સમગ્ર આદીવાસી વિસ્તાર કેજે ૨૭ વિધાનસભા સીટો પ્રભાવીત કરે છે. ત્યાં પહોંચવુ-કાર્યકરો પણ ત્યાં જાય સમાજના લોકોને સાચી વાત મુકે અગાઉની સરકારે શું કર્યું અને ભાજપ ક્યારેય કોંગ્રેસની જેમ મતબેંકની વિકૃત રાજનીતિ કરતી નથી અને તે ભાજપના સંસ્કાર નથી જીતુભાઈ વાઘાણી સાથે સરકારના મંત્રી ગણપતભાઈ વસાવા સહિત અનેક નેતાઓ ઉપસ્થિત રહેશે. સાબરકાંઠા જિલ્લાનો જે રૂટ છે સવારે ચિઠોડા, પાલ, વિજયનગર, અંદ્રોખા, નાકા, ૧૧.૩૦ કલાકે ખેડબ્રહ્મા અને છેલ્લે ખેરોજ બપોરે થઈ અંબાજી તરફ જશે. આ પ્રસંગે અમદાવાદના પૂર્વ ધારાસભ્ય અને પક્ષના તાલુકા વિસ્તારક ભાવિનભાઈ શેઠે જણાવેલ કે પ્રજાના સ્વરનો તેમજ આશા, અપેક્ષા અને આકાંક્ષાઓ પૂર્ણ કરવા માટેની ઉદ્દેશથી આ યાત્રાનો આરંભ કરેલ છે. આપણા પ્રદેશ મીડીયા કન્વીનર હર્ષદભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેવાના હતા પરંતુ તે પણ સતત યાત્રાનું કવરેજ માટે જોડાયેલ હોવાથી આવી શકેલ નથી.

અરવલ્લી જિલ્લામાં આદિવાસી વિકાસ ગૌરવ યાત્રાનું ઠેરઠેર ઉષ્માભર્યુ સ્વાગત

જિલ્લામાં મેઘરજથી શામળાજી થઈ ભિલોડા પહોંચેલી યાત્રા દરમિયાન રસ્તામાં ભવ્ય સ્વાગત

મોડાસા, તા. ૧૭

ગુજરાત પ્રદેશ ભાજપા પ્રમુખના નેતૃત્વ હેઠળ નીકળેલી આદિવાસી વિકાસ ગૌરવ યાત્રા મહીસાગર જિલ્લામાંથી નીકળીને આજે અરવલ્લી જિલ્લામાં પ્રવેશતા જ વાજતેગાજતે યાત્રાનું ઉમંગભેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. જિલ્લાભરમાંથી ખૂબ મોટા સમુદાયમાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં પ્રવેશતા જ બેલ્યો ગામમાં પ્રથમ સ્વાગત કરાયું હતું તેમાં મોટી સંખ્યામાં લોકોની હાજરી હતી અને ઢોલ-નગારા.. ફટાકડા, માથે કળશ મુકીને બાળકોએ સ્વાગત સન્માન અભિવાદન કર્યું હતું. તે પછી મેઘરજમાં ભવ્ય સ્વાગત કરાયું હતું અને જિલ્લામાં છેલ્લા ભિલોડામાં પહોંચેલી યાત્રાનું ભિલોડામાં પણ ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, જિલ્લા પ્રભારી સહિતના આગેવાનો તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, જિલ્લા મહામંત્રી શામળભાઈ પટેલ, આદિવાસી તાલુકાઓ અને જિલ્લાભરના કાર્યકરોએ મેઘરજ અને ભિલોડાની જાહેર સભાઓમાં હૈયેહૈયુ ચંપાય તેવા એકત્ર વિવિધ સવલતો અને યોજનાઓ તેમજ આદિવાસીઓને અપાયેલા જંગલની જમીન ખેડ હક્ક સહિતની અનેકવિધ લાભો અને કામોની વિગતો આપી હતી.

મોડાસામાં દિવાલ પર કલર કામ કરવા ચડેલા યુવકનું વીજકરંટ લાગતા મોત

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લામાં મોડાસા શહેરના લઘુમતિ વિસ્તારમાં દિવાલ પર કલર કામ કરવા ચડેલા એક યુવકનું વીજ કરંટથી મોત નીપજતા આ અંગે મોડાસા ટાઉન પોલીસમથકે આ અંગેની ફરિયાદ અપાતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના લઘુમતિ વિસ્તાર જમાલવાવમાં રહેતા યાસીનભાઈ ગુલામભાઈએ ટાઉન પોલીસ મથકે આપેલ ફરીયાદ મુજબ મરણ જનાર ૩૫ વર્ષીય યુવક ફારૂકભાઈ ઉમરભાઈ રાઠોડ કલર કામ કરવા સારૂ દિવાલ પર ચઢ્યા હતા. દરમિયાન પાણીનો છંટકાવ કરવા માટે પાણીની મોટર ચાલુ કરતાં વીજ કરંટ લાગ્યો હતો અને આ યુવક પટકાઈને નીચે જમીન પર પડ્યો હતો.

પાંથાવાડા પોલીસે દારૂ ભરેલી ટ્રક સાથે એકની અટકાયત કરી

આરોપી ટ્રકમાં મીની બસ અને બસમાં દારૂ ભરીને જતો હતો

બનાસકાંઠા જિલ્લા ની પાંથાવાડા પોલીસે લખ્ખો રૂપિયા ની દારૂ ભરેલી બે ટ્રક સાથે એક આરોપી ને ઝડપી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે. બનાસકાંઠા જિલ્લો એ રાજેસ્થાન સરહદ ઉપર આવેલો જિલ્લો છે માટે રાજેસ્થાન થી અવાર નવાર વિવિધ કીમિયા અપનાવી ગુજરાતમાં દારૂ ઘુસાડવાનું મોટું નેટવર્ક ચાલી રહ્યું છે ત્યારે ગુજરાત પોલીસ પણ દારૂ પકડવામાં સફળ બને છે આજે એક બુટલેગર ધ્વરા એક ટ્રક માં મીની તર્ક ભરી અને તે ટ્રક માં દારૂ ભરી ગુજરાત આવી રહ્યો હતો તે સમયે પાંથાવાડા પીએસઆઈ જે બી વનાર પોતાના સ્ટાફ સાથે બોર્ડર ઉપર વાહન ચેકીંગ માં હતા તે સમયે આ ટ્રક આવતા તેની તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂ ની પેટી ૬૦ જેની કિંમત ૭,૩૮.૪૦૦ અને બે ટ્રક ની કિંમત ૧૫ લાખ કુલ મળી ૨૨ લાખ કરતા પણ વધુ નો મુદ્દામાલ જોત કરી એક આરોપી ની અટકાયત કરી કાયદેસ ની કાર્યવાહી હાથ ધરી છે અત્યારે પાંથાવાડા પોલીસે લખ્ખો રૂપિયા ના દારૂ સાથે એક આરોપી ની અટકાયત કરી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છે પરંતુ આ દારૂ કયાંથી લાવ્યો અને ક્યાં લઈ જવાતો હતો તે તો પોલીસ તાપસ બાદ જ બહાર આવશે.

ખેડબ્રહ્માની હરણાવ નદી ઉપરના નવીન પૂલનુ કામ ધમધોકાર

ખેડબ્રહ્મા શહેર પાસેથી પસાર થતી હરણાવ નદી ઉપર નવીન પૂલ માટે ૧૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. નવીન પૂલનું કામ ગત ચોમાસામાં શરૂ કરી આવતા ચોમાસામાં પૂર્ણ કરવાનું આયોજન હોઈ પૂલનું કામ ધમધોકાર ચાલી રહ્યુ છે. નવીન પૂલ સાથે જૂનો પૂલ ભેગો થવાથી ટ્રાફીક અને પ્રવાસીઓ માટે સુવિધા ઉપલબ્ધ થશે.ખેડબ્રહ્મા પાસે હરણાવ-કોસંબી અને ભિમાક્ષી એમ ત્રણ નદીઓનો સંગમ છે. હરણાવ નદી ઉપર ૬૦ વર્ષ પહેલા પૂલ બનાવવામાં આવ્યો હતો. વાહનોની સંખ્યા અને જનસંખ્યામાં વધારો થતાં આ પૂલ સાંકડો અને નાનો લાગે છે. તેથી સરકાર દ્વારા ટ્રાયબલ બજેટમાંથી હરણાવ નદી પર પૂલ-ખેરોજ પાસેથી પસાર થતી સાબરમતી નદી ઉપરના પૂલ અને રોડ માટે બાવન કરોડ મંજૂર કરવામાં આવ્યા છે. આ ગ્રાન્ટ મહત્વના પ્રવાસી સ્થળોને જોડતા માર્ગોની સુધારણા યોજના અંતર્ગત હરણાવ નદીના પૂલ માટે ૧૫ કરોડ અને સાબરમતીના પૂલ માટે ૨૦ કરોડ ખર્ચવામાં આવશે.

પાલનપુર પોલીસે બે દિવસના રિમાન્ડ બાદ સાધ્વી જયશ્રીગિરિને પાલનપુર કોર્ટમાં રજુ કરાયા

કોર્ટે સબજેલ ખસેડવાનો કર્યો આદેશ, પોલીસે સબજેલથી કરી ફરી અટકાયત

સાધ્વી જયશ્રી ગિરી ને આજે પાલનપુર કોર્ટ મા રજુ કરી હતી જ્યાં સાધ્વી સામે શશીકાંત જોશી એ ૫૦ લાખ ની ખંડણી સહીત ૧૫ લાખ ની છેતરપિંડી ની ફરિયાદ નોંધાવતા પાલનપુર કોર્ટ દ્વારા ૨ દિવસ ના રિમાન્ડ અપાય હતા.આજે ૨ દિવસ ના રિમાન્ડ પુરા થતા પાલનપુર પોલીસે સાધ્વી જયશ્રી ગિરીને પાલનપુર કોર્ટ માં રજુ કરી હતી.

જો કે કેસ માં પોલીસ દ્વારા ૨ દિવસ ના રિમાન્ડ બાદ પણ કઈ ન રજુ કરાતા પાલનપુર સબજેલ માં મોકલી આપવાનો નિર્ણય હતો। અત્રે ઉલ્લેખનીય છે કે સાધ્વી જયશ્રી ગિરી સામે ગુજરાત માં જુના અને નવા એમ કુલ ૧૯ કેસ નોંધયા છે ત્યારે આજે પાલનપુર પૂર્વ પોલીસે સાધ્વી ની ૧૫ લાખ ની છેરપીંડી મામલે સબજેલ થી અટકાયત કરી છે તેમજ આ મુદ્દે સાધ્વીને પાલનપુર કોર્ટ માં ફરી રજુ કરાશે તેમજ રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરાશે.

દેરોલમાં મકાન સહાય આપવા માટે લાંચ માગતા વિધાનસભા અધ્યક્ષને આવેદનપત્ર

ખેડબ્રહ્મા, તા. ૧૭

ખેડબ્રહ્મા તાલુકાના દેરોલ(વા.) ગામમાં સફાઈ કામદારોને મળતી મકાન સહાય માટે અરજીઓ કર્યા બાદ અધિકારી દ્વારા ખાનગી વ્યવહાર માંગતા અરજદારે વિધાનસભા અધ્યક્ષને આવેદન પત્ર આપ્યું હતું.

ગુજરાત સરકાર દ્વારા ગરીબોને મદદરૂપ થવા માટે ઘણી યોજનાઓ બનાવામાં આવેલ છે. જેમાં સફાઈ કામદારોને ઘર વિહોણાઓને મકાન સહાય આપવાની હોય છે. જે અંતર્ગત પછાત વર્ગ સમાજ કલ્યાણ અધિકારીને દેરોલ(વા.) ગામના રાકેશભાઈ મગનભાઈ, મયુરભાઈ, મકીપાલ શંકરાનંદ ત્રણેય દેરોલ(વા) સરપંચને અરજી આપવામાં આવેલ હતી. સરપંચે આ અરજીઓ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીને આપેલ અને ત્યાંથી અરજીઓ ખેડબ્રહ્મા તાલુકાના નિરિક્ષકને પહોંચાડવામાં આવેલ.

જે અંતર્ગત નિરિક્ષક સ્થળ તપાસ માટે ત્રણ માસ અગાઉ દેરોલ(વા.) આવેલા અને સ્થળ તપાસ કરી જણાવેલ કે તમો ખાનગી વ્યવહાર નહી કરો ત્યાં સુધી તમારો અભિપ્રાય લખાશે નહી. જેને લઈ દેરોલ (વા.) ગ્રામ પંચાયતના ન્યાય સમિતિ ચેરમેન દત્તા મંગુબેન એસ. દ્વારા ખેડબ્રહ્મા ખાતે આવેલ વિધાનસભા અધ્યક્ષ રમણલાલ વોરા અને અશ્વિનભાઈ કોટવાલને આવેદનપત્ર આપી નિરિક્ષકની તપાસ કરવા જણાવી મોટુ કૌભાંડ બહાર આવે તેમ હોવાનું જણાવેલ છે.

ભિલોડા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં વસંતોત્સવ કાર્યક્રમ

ભિલોડા,તા.૧૭

ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ ગુજરાતી-અંગ્રેજી માધ્યમ ધ્વારા વસંતોત્સવ કાર્યક્રમ તા.૧૫/૨/૨૦૧૭ને બુધવારના રોજ યોજાયો હતો. વસંતના વધામણાં કાર્યક્રમમાં જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન-ઈડર સીનીયર લેકચરર ડાં.ઉષાબેન ગામીત અધ્યક્ષસ્થાને ઉપસ્થિત રહ્યા હતા.

અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ધ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો રજુ કરાયા હતા.કાર્યક્રમને માણવા વિવિધ વિદ્યાશાખા બી.એડ્., એમ.એડ્., ડી.એલ. એડ્. નર્સિંગ, એમ.એસ. ડબલ્યું. કોલેજ આચાર્યો, સમગ્ર સ્ટાફ ગણે હાજરી આપી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની શિક્ષીકા અનુપ્રિયાબેન કર્યું હતું.

આદિવાસી વિસ્તારો પરત્વે ઓરમાયુ વર્તન રાખતા ભાજપની યાત્રાનો વિરોધ છે : પારધી

અરવલ્લી જિલ્લામાં પ્રવેશ કરતી ભારતીય જનતા પાર્ટીની આદીવાસી યાત્રાનો વિરોધ કરતાં જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જણાવ્યું હતું કે ભાજપની રાજ્ય સરકાર છેલ્લા ૨૦ વર્ષથી આદીવાસી વિસ્તાર પ્રત્યે ઓરમાયું વર્તન રાખે છે. આદીવાસી વિસ્તારમાં અન્ય સમાજના લોકો પણ વસે છે તેઓની સાથે પણ ઓરમાયું વર્તન રાખવામાં આવે છે. જિલ્લાના આદીવાસી વિસ્તારમાં પીવાના પાણીની અને સિંચાઈની સુવિધા નથી. લીફ્ટ એરગીશન દ્વારા હાથમતી, મેશ્વો, કડાણા અને અન્ય ડેમોનું પાણી પણ આપવામાં આવતું નથી. આદીવાસી વિસ્તારમાં અંતરાય ગામોમાં ડામર રોડની સુવિધા પણ નથી અને છેલ્લા ૧૦ વર્ષ થઈ ગયા છતાં હયાત રોડને રીપેરીંગ કે મરામત કરવામાં આવતું નથી. આદીવાસી વિસ્તારમાં આરોગ્ય ક્ષેત્રે પણ બેદરકારી રખાઈ રહી છે. ભિલોડા-શામળાજી અને મેઘરજ ખાતે સીવીલ હોસ્પિટલ અને ટ્રોમા સેન્ટર પણ બનાવેલ નથી. જિલ્લાના અંતરાય વિસ્તારમાં હજુ પણ એસ.ટી. સુવિધા ઉપલબ્ધ નથી. જે રૂટો હતાં તે પણ તબક્કાવાર બંધ કરવામાં આવે છે. આદીવાસી વિસ્તારોમાં બેરોજગારોને અન્ય શહેરી વિસ્તારમાં સ્થળાંતર કરવુ પડે છે. શિક્ષણ અને આરોગ્ય અંગે મુખ્યમંત્રી દ્વારા જાહેરાત કરી મોડલ હોસ્ટેલ મોડલ હોસ્પીટલ બનાવવામાં આવશે પરંતુ અત્યાર સુધી આ અંગે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. શામળાજીને નવરચિત તાલુકા બનાવવા માટે અવાર-નવાર રજુઆત કરવામાં આવી છે. છતાં જાહેર કરવામાં આવતો નથી. ૨૦ વર્ષથી અરવલ્લી જિલ્લાના આદીવાસી વિસ્તારનો કોઈ જ વિકાસ થયેલ નથી. રાજ્ય સરકાર દ્વારા કોઈ ઔધ્યોગિક ક્ષેત્રે વિકાસ થાય તેવી યોજના તૈયાર કરવામાં આવેલ નથી. આ વિસ્તારમાં સ્થાપવા પ્રોત્સાહન આપવામાં આવેલ નથી.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આજે જિલ્લા રાજપૂત સમાજ દ્વારા અને રાજપૂત યુવકો દ્વારા પદમાવતી ફિલ્મના વિરોધમાં જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર આપી ફિલ્મમાં દિગ્દર્શકે રાજપૂત સમાજના ઈતિહાસના પ્રકરણોને ખોટી રીતે ફિલ્માંકન કરવામાં આવ્યા હોવાનો પોતાનો વિરોધ કરી ફિલ્મને રીલીઝ થતી અટકાવવાની માંગ સાથે જિલ્લા કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું. આજે મોડાસા જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાજપૂત સમાજના યુવકો દ્વારા અને નીતીરાજસીંહ પુવારે આપેલ આવેદનમાં જણાવેલ હકીકત અનુસાર ભારત વર્ષમાં રાજપૂતોનો ઈતિહાસ સુવર્ણ અક્ષરે લખાયેલો છે. જેમાં રાજપૂત સમાજે મા ભારતની રક્ષા કાજે રાજપૂતોના નવ લોહીયા યુવાનોએ પોતાના બલિદાન આપેલા છે. રાજપૂતોનો ભૂતકાળ સૌર્ય પ્રતાપી છે. વિશ્વમાં રાજપૂતોના સંસ્કારની વાતો માનભેર થાય છે. રાજપૂતોના ઈતિહાસમાં ઘણા મહાપ્રતાપી રાજાઓ થઈ ગયા તેમજ રાજપૂતાણીઓએ પણ દેશની રક્ષા માટે બલિદાનો આપેલ છે. ત્યારે કેટલાક લોકો દ્વારા રાજપૂતોના ઈતિહાસોને તરોડીમરોડીને તેનું ફિલ્માંકન કરવામાં આવે છે. તાજેતરમાં ફિલ્મ પ્રોડ્યુસર સંજયલીલા ભણસાલી દ્વારા એક ફિલ્મ બનાવવામાં આવી રહી છે.

પ્રાંતિજના રસુલપુર ગામે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૧૭

ભારતીય માનક બ્યુરો અમદાવાદના સહયોગથી અને ગ્રાહક હિત સુરક્ષા મંડળ પ્રાંતિજના ઉપક્રમે પ્રાંતિજ તાલુકાના રસુલપુર ગામે ગ્રાહક જાગૃતિ કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં ભારતીય માનક બ્યુરો અમદાવાદના ડે. ડાયરેક્ટર, સુમિત ભારદ્વાજ અને આસિ. ડાયરેક્ટર ગુલશનકુમાર હાજર રહીને હોલમાર્ક અને આઈએસઆઈ માર્કો શું છે તે માર્કાવાળી જ વસ્તુઓ શા માટે ખરીદવી તેના વિશે વિસ્તૃતમાં માહિતી સમજાવી હતી અને જણાવ્યું હતું કે હોલમાર્ક એ ગુણવત્તાનું પ્રતિક છે. સોનાના ઘરેણા હોલમાર્કીંગવાળા જ ખરીદવા જોઈએ કારણ કે હોલમાર્ક એ સોનાની સાચી પરખ કરે છે.